જા.ક્ર.:મા-૨/૨૦૨૪/૪૫૮૫

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.16/૦૪/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
જિ. સુરત.

આ સાથે સામેલ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૧૬/03/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: પરચ/૨૦૨૪/૧૦3/ખ૧ અંગે આપની શાળાના ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને માહિતગાર કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજમાં સ્નાતક કક્ષાના વિવિધ ડિગ્રી કોર્સ અને અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા નિયત સમયપત્રક પ્રમાણે કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક : પરચ-૨૦૨૪-૧૦૩-ખ૧
તા : ૧૬-૦૩-૨૦૨૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.
આવક નંબર :- 2955
શાખા :- મા-૨
સંખ્યા :-
સહી :-

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા. ૧૫-૦૯-૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:ED/KBG/e-file/3/2023/0514/KH-1

૨. શિક્ષણ વિભાગનો તા.૧૫-૦૩-૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક : પરચ-૨૦૨૪-૧૦૩-ખ૧

પરિપત્ર:

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ (૧) સામેના ઠરાવથી સામર્થ્ય સંસ્થાન પ્રકલ્પ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના તાબા હેઠળની ૧૪-સરકારી યુનિવર્સિટી સંલગ્ન શૈક્ષણિક સંસ્થા/કોલેજમાં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, એજ્યુકેશન, કાયદા તથા અન્ય વિદ્યાશાખામાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ - જીકેસ (GCAS)ની રચના કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ (૨) સામેના પરિપત્રથી આ પોર્ટલ પર કરવાની થતી કામગીરીના તબક્કા મુજબ એડમિશન પ્રક્રિયા અન્વયે જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત રાજ્યની તમામ ૧૪-સરકારી યુનિવર્સિટીઓને સ્નાતક કોર્સીસમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયાનું ટેકનિકલ અને એડમિનિસ્ટ્રેટિવ ઇન્ટીગ્રેશન ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ સાથે કરવાની જરૂરિયાત જણાય છે. યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજમાં વિવિધ ડિગ્રી કોર્સ અને અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના સમયપત્રક પ્રમાણે કરવાની રહેશે.

મા-૨
16/3

સમયપત્રક

| ક્રમ | કામગીરી | સમયગાળો |
| --- | --- | --- |
| ૧ | તમામ પ્રવેશવાંછુ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે જીકેસ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી બેઝીક માહિતી (profile) સાથે પોતાને જે તે કોલેજ માં પસંદગીનાં કોર્સમાં | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨ની પરીક્ષા પૂર્ણ થયા બાદ ૧-૪-૨૦૨૪ થી શરુ |

ગો૦ -

| | | |
|---|---|---|
| | અભ્યાસ કરવો હોય તે પસંદગી (Choice) આપી ઓનલાઈન અરજી કરવાની રહેશે. | |
| ૨ | તમામ પાસ થયેલા પ્રવેશવાંછુ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે જીકેસ પોર્ટલ પર શૈક્ષણીક માહિતી (Academic) ભરી ઓનલાઈન ફી (Payment) ભરવાની રહેશે. તેમજ અરજી ફાઈનલ સબમીટ કરવાની રહેશે. | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના બે અઠવાડિયામાં પૂર્ણ કરવું. |
| 3 | પોર્ટલ ઉપર મુકેલ હેલ્પસેન્ટરની યાદી મુજબ લાગુ પડતા વિદ્યાર્થીઓએ નજીકની કોલેજ ખાતેના હેલ્પ સેન્ટરમાં જઈને પોતાના ઓરિજીનલ તમામ ડોક્યુમેન્ટસનું વેરીફીકેશન કરાવવાનું રહેશે. | ઉપરોક્ત ક્રમાંક-૨ માં દર્શાવેલ સમયગાળા સહિત ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના ત્રણ અઠવાડિયા સુધીમાં પૂર્ણ કરવું. |
| ૪ | ડોક્યુમેન્ટસ વેરીફીકેશન થયા બાદ જે કોઈ યુનિવર્સિટીઓએ રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓને યુ. જી. કોર્સીસમાં એન્ટ્રન્સ ટેસ્ટ (પ્રવેશ પરીક્ષા) લઈને પ્રવેશ આપવાનો હોય તેવી યુનિવર્સિટીઓએ એક અઠવાડિયામાં એન્ટ્રન્સ ટેસ્ટ તથા પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ બનાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.<br>અન્ય તમામ યુનિવર્સિટીઓએ આ સમયગાળામાં પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ બનાવવાનું રહેશે. | ઉપરોક્ત ક્રમાંક (૨) અને (૩)માં દર્શાવેલ સમયગાળામાં પૂર્ણ કરવું |
| ૫ | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના ત્રણ અઠવાડિયામાં તમામ યુનિવર્સિટીઓએ પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ એક સાથે જાહેર કરવાનું રહેશે. | ઉપરોક્ત ક્રમાંક (૨), (૩) અને (૪) માં દર્શાવેલ સમયગાળા સહિત ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના ત્રણ અઠવાડિયામાં |
| ૬ | વિદ્યાર્થીઓને પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ બાબતે જો કોઈ ગ્રીવન્સ હોય તો તે અંગે પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ જાહેર થયા બાદ દિન-૨માં જે તે યુનિવર્સિટી/કોલેજના ગ્રીવન્સ સેલમાં જઇ રજૂઆત કરવાની રહેશે. | દિન-(૨)માં |
| ૭ | ઉપર ક્રમાંક-૬ માં ફાળવેલ ગ્રીવન્સના દિન-૨ બાદ યુનિવર્સિટી/કોલેજ દ્વારા ફાઇનલ મેરિટ લીસ્ટ અને અલોટમેન્ટ જાહેર કરવાનું રહેશે. | દિન-(૨)માં |
| ૮ | વિદ્યાર્થીઓને જે કોલેજ કે યુનિવર્સિટી માં પ્રવેશ મળેલ છે તેમની સૂચના મુજબ ફી ભરવાની રહેશે. | દિન-(૨)માં |

| | |
|---|---|
| ૯ | [illegible] જરૂરીયાત લાગે તો પ્રવેશ પ્રક્રિયાના દ્વિતીય અને તૃતીય રાઉન્ડ બન્ને રાઉન્ડ મળીને વધુમાં વધુ દિન-૧૦ ની સમય મર્યાદામાં આ કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે |
| ૧૦ | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ-૧૨નું પુરક પરીક્ષાનું પરિણામ આવી ગયા પછી GCAS પોર્ટલ ફરી દિન-(૫) માટે ઓપન થશે આ સમયગાળા દરમ્યાન પુરક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ તેમજ જે વિદ્યાર્થીઓનું અગાઉની પ્રવેશ પ્રક્રીયામાં અરજી કરવાની બાકી રહી ગઈ હોય તેવા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અને આવા તમામ વિદ્યાર્થીઓના પ્રવેશની પ્રક્રિયા યુનિવર્સિટીએ દિન-(૫) માં પૂર્ણ કરવાની રહેશે. |

(ઉપરોક્ત ક્રમ (૧) થી (૧૦) માં દર્શાવેલ સમયગાળામાં જાહેર રજાનો સમાવેશ કરેલ છે)

ઉક્ત સમયપત્રક મુજબ સદર પોર્ટલ પર વિદ્યાર્થીની અરજીના રજીસ્ટ્રેશન બાદ તે અંગેની સંપૂર્ણ માહિતી સંલગ્ન યુનિવર્સિટીઓને લોગ ઇન આઈ.ડી. માં ઉપલબ્ધ કરાવવામાં આવશે. યુનિવર્સિટીઓએ પોતાના વિવિધ ડિગ્રી અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા માટે સંપૂર્ણ સ્વાયત્તતાપૂર્વક, સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર મેરીટ લીસ્ટ તૈયાર કરી પુરક પરીક્ષા સિવાયના તમામ વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા મહત્તમ ત્રણ રાઉન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અંગત મદદનીશશ્રી,અગ્ર સચિવશ્રી(ઉ અને ટે.શિ),શિક્ષણ વિભાગ,બ્લોક નં-૫/૮, સચિવાલય, ગાંધીનગર
- એડવાઇઝરશ્રી, કે.સી.જી., પ્રજ્ઞાપુરમ, એલ. ડી.ઇજનેરી કોલેજ કેમ્પસ, પી.આર.એલ.ની સામે, નવરંગપુરા, અમદાવાદ
- રજિસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટી (કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, (ખ અને ખ-૨ શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઇલ



ક્રમાંક: ઉમશ/ઉમા–૦૬/૨૦૨૪/ 1773-1807
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં ૯/૧, ડૉ.જીવરાજમહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર, તા: 16/૦૪/૨૦૨૪

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ)

નાયબ શિક્ષણ નિયામક
(૧૦+૨)
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના: શ્રી કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કચેરી, ગાંધીનગર

Scanned with OKEN S